# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૮/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'લિગલ ચેલેન્જીસ બિફોર કોમર્શિયલ એન્ટરપ્રાઇઝીસ એન્ડ કોન્ટ્રાકચ્યુઅલ ઓબ્લીગેશન્સ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૬ જૂન ૨૦૨૧ના રોજ 'લિગલ ચેલેન્જીસ બિફોર કોમર્શિયલ એન્ટરપ્રાઇઝીસ એન્ડ કોન્ટ્રાકચ્યુઅલ ઓબ્લીગેશન્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયાના સિનિયર એડવોકેટ ડો. જી.વી. રાવે દેશમાં બનેલા ગંભીર કોમર્શિયલ એન્ડ ફાયનાન્શિયલ કેસોમાં સુપ્રિમ કોર્ટ દ્વારા જે ચૂકાદાઓ આપવામાં આવ્યા હતા તે અંગે વિસ્તૃત માહિતી અને સમજણ આપી હતી.

ડો. જી.વી. રાવે જણાવ્યું હતું કે, કોઇપણ કંપની અથવા સંસ્થાઓમાં કાયદાકીય દૃષ્ટિએ પણ મજબુત રાખવા માટે લિગલ કન્સલ્ટન્ટની જરૂર પડતી હોય છે. કંપની સેક્રેટરી અથવા લિગલ કન્સલ્ટન્ટ્સ કંપની અથવા એલ.એલ.પી. રજિસ્ટ્રેશન, જીએસટી રજિસ્ટ્રેશન, ઉદ્યોગ આધાર રજિસ્ટ્રેશન, એફ.એસ.એસ.એ.આઇ. લાયસન્સ અથવા રજિસ્ટ્રેશન, ઇમ્પોર્ટ એકસપોર્ટ કોડ, શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ લાયસન્સ તથા રાજ્ય કક્ષાએ અન્ય લાયસન્સોનું ધ્યાન રાખે છે. આથી તેમણે આ તમામ મુદ્દાઓ તેમજ બેન્કીગ, ઇન્સ્યુરન્સ એન્ડ ફાયનાન્શિયલ સપોર્ટ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલિટી તથા સાયબર લો એન્ડ બૌદ્ધિક સંપદા વિશે પણ સમજણ આપી હતી. બિઝનેસ કરતી વખતે કોન્ટ્રાકટ કરતી વખતે શું કાળજી રાખવી જોઇએ? તથા એન્યુઅલ કોમ્પ્લાયન્સ, ઇકવીટી ડિસ્ટ્રીબ્યુશન, કોન્ટ્રાકટ મેનેજમેન્ટ, પ્રોપર ડોકયુમેન્ટેશન ઓફ નોન ડિસ્કલોઝર એગ્રીમેન્ટ્સ વિશે જે કઇ કાયદાકીય સમસ્યાઓ ઉભી થાય છે તે અંગે પણ સમજણ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.